# મુદ્દા નં.૪: પોતાના કાર્યો બજાવવા માટે પોતે નક્કી કરેલા ધોરણો :

## ચૂંટણી અંગેની કામગીરી :

રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશાનુસાર જે કાર્યક્રમ નિર્ધારીત કરવામાં આવે છે તે કાર્યક્રમ મુજબ નિયત સમયમર્યાદામાં કામગીરી કરવામાં આવે છે.

## વસતિ ગણતરી અંગેની કામગીરી :

ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જે સમય પત્રક નકકી કરવામાં આવે છે તે મુજબ નિયત કરેલા સમયે વસતિ ગણતરી અંગેની કામગીરી તબક્કાવાર સમયમર્યાદા રહી પૂર્ણ કરવામાં આવે છે.

## આર્થિક ગણતરી અંગેની કામગીરી :

નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી, ગાંધીનગરની સૂચના અનુસાર તેમજ તેઓ તરફથી જે સમયપત્રક નકકી કરવામાં આવે છે તે કાર્યક્રમ અનુસાર આર્થિક ગણતરીની કામગીરી નિયત સમયમર્યાદામાં રહી પૂર્ણ કરવામાં આવે છે.

## સામાજીક – આર્થિક અને જાતિ આધારીત વસતિ ગણતરી અંગેની કામગીરી :

ભારત સરકારના નાણાંકીય અને તાંત્રિક સહયોગથી, મુખ્ય સહયોગી ગ્રામ વિકાસ, શહેરી વિકાસ અને ગરીબી નિવારણ મંત્રાલય મહાનિદેર્શક વસતિ ગણતરી ભારત સરકાર દ્વારા ગ્રામ વિકાસ, ગુજરાત રાજય તરફથી મળતી વખતો વખતની સુચના અનુસાર કામગીરી કરવામાં આવે છે.

## NPR અન્વયે બાયોમેટ્રીક અંગેની કામગીરી :

નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી, ગાંધીનગરની સૂચના અનુસાર તેમજ તેઓ તરફથી જે સમયપત્રક નકકી કરવામાં આવે છે તે કાર્યક્રમ અનુસાર આર્થિક ગણતરીની કામગીરી કરવામાં આવે છે.

## UID અંતર્ગત ૦ થી ૫ વર્ષના બાળકોની આધાર નોંધણી અંગેની કામગીરી :

ભારત સરકારના આયોજન પંચ દ્વારા રચાયેલ યુનિક આઈડેન્ટીફીકેશન ઓથોરીટી ઓફ ઈન્ડિયા (UIDAI) હેઠળ સામાન્ય વહીવટી વિભાગ, ગુજરાત રાજય તથા અધિક કલેકટરશ્રી (યુઆઈડી), ગુજરાત સામાજીક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી, ગાંધીનગર, ગુજરાત રાજય તરફથી મળતી વખતો વખતની સુચનાનુસાર કામગીરી કરવામાં આવે છે.

## અર્બન પ્રોફાઈલ અને અર્બન પ્લાનીંગ એટ્લાસ તૈયાર કરવાની કામગીરી :

નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આકડાશાસ્ત્રની કચેરી, ગાંધીનગરની સુચના અનુસાર મહાનગરપાલિકાની વોર્ડ વાર માહિતી એકત્ર કરી પત્રક –અ તથા પત્રક –બ તૈયાર કરવામાં આવે છે.